| | | | |
|---|---|---|---|
| GJGS040013462026 | | Presented on | 07.04.2026 |
| | | Registered on | 07.04.2026 |
| | | Decided on | 17.07.2026 |

**:: નમૂના – અ ::**

| **મહેરબાન ઉનાના સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી. (શ્રી નીરજ કુમાર યાદવ) સમક્ષ, ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૧૧૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આંક | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | **ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબ** |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૮૬૦૦૮૨૬૦૦૨૫/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | ઉના પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સ્ટેટ ઓફ ગુજરાત |
| રજૂઆત | વિ. મદદનીશ સરકારી વકીલ શ્રી. **એ.જી. ગામીત** |
| આરોપી પક્ષ | **૧. કનુભાઈ હામુભાઈ ગોહીલ**<br>**૨. બાવુભાઈ હામુભાઈ ગોહીલ**<br>**૩. કૌશિકભાઈ ભાવુભાઈ ગોહીલ**<br>**૪. ભાવુભાઈ હામુભાઈ ગોહીલ**<br>**૫. જુવાનસિંહ કનુભાઈ ગોહીલ**<br>રહે. તમામ વાવરડા ગામ,<br>તા. ઉના, જી. ગીર સોમનાથ. |
| રજૂઆત | આરોપી પક્ષ તરફે વિ. વકીલશ્રી **પી.યુ. જોગદીયા** |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૦૧/૨૦૨૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૩/૦૧/૨૦૨૬ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --------- |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | પાંચુભાઇ હામુભાઇ ગોહીલ | ફરિયાદી |
| ફ.સ.૨ | ખાંટુભાઇ હામુભાઇ ગોહીલ | ઈજા પામનાર સાહેદ |
| ફ.સ.૩ | લલીતાબેન પાંચુભાઇ ગોહીલ | ઈજા પામનાર સાહેદ |
| ફ.સ.૪ | હીરાબેન જીણાભાઇ ગોહીલ | ઈજા પામનાર સાહેદ |

**ફરિયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૧ | સમાધાન પુરસીસ |
| ૨. | ૧૨ | ફરિયાદી પાંચુભાઇ હામુભાઇ ગોહીલની જુબાની |
| ૩. | ૧૩ | ફરિયાદ |
| ૪. | ૧૪ | સાહેદ ખાંટુભાઇ હામુભાઇ ગોહીલની જુબાની |
| ૫. | ૧૫ | સાહેદ લલીતાબેન પાંચુભાઇ ગોહીલની જુબાની |
| ૬. | ૧૬ | સાહેદ હીરાબેન જીણાભાઇ ગોહીલની જુબાની |
| ૭. | ૧૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૮. | ૧૮ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૯. | ૧૯ | પાંચુભાઇ હામુભાઇનું ઈન્જરી સર્ટિફિકેટ |
| ૧૦. | ૨૦ | ખાંટુભાઇ હામુભાઇનું ઈન્જરી સર્ટિફિકેટ |
| ૧૧. | ૨૧ | હિરાબેન જીણાભાઇનું ઈન્જરી સર્ટિફિકેટ |
| ૧૨. | ૨૨ | લલિતાબેન પાંચભાઈનું ઈન્જરી સર્ટિફિકેટ |
| ૧૩. | ૨૩ | પાંચુભાઇ હામુભાઇનું રીલીફ હોસ્પિટલનું સારવાર સર્ટિફિકેટ |
| ૧૪. | ૨૪ | ક્લોઝીંગ પુરસીસ |

**– ઃ ચુકાદો ઃ–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના કલાક ૧૨:૦૦ વાગ્યે વાવરડા ગામે પાધર વિસ્તાર પાસે ફરિયાદી તથા આરોપીઓ વચ્ચે જમીનના રસ્તા બાબતે મનદુઃખ રાખી આરોપી નં. ૧ થી નં. ૩ નાઓએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારી, આરોપી નં. ૨ એ ફરિયાદીના ગરદનના પાછળ લાકડી મારી તથા આરોપી નં. ૧ તથા ૩ નાએ ફરિયાદીના ડબા કાનના ભાગે લાકડી મારતા કાન ચીરાય ગયેલ હોય બાદ સાહેદ ખાટુભાઈ હામુભાઈ તથા આરોપી નં. ૪ તથા ૫ નાઓએ પકડી રાખતા આરોપી નં. ૨ એ શરીરે ઢીકાપાટુ આડેધડ મુંઢ માર મારી તથા સાહેદ હીરાબેન તથા સાહેદ લલીતાબેનને પણ આરોપીઓએ શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપીઓએ વારાફરતી આવી એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કર કરેલ. તે બાબતની ફરિયાદ ફરિયાદીએ આપતા જે ફરીયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપીઓ વિરૂધ્ધ

ઉપરોકત ગુનાઓ સંબંધે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા **આંક–૫** થી તહોમતનામું ઘડી, વાંચી, સંભળાવી ફરમાવવામાં આવેલ તથા ત્યારબાદ તેઓનો જવાબ **આંક– ૬ થી ૧૦** લગત લેતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

**૩.** ત્યારબાદ ફરિયાદી તરફે આંક – ૧૧ થી સમાધાન પુરસીસ રજુ રાખી બંને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાનું તેમજ આંક – ૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી વિશેષ પુરાવો આપવા માંગતા નહિ હોવાનું જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય કોઈ પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરેલ નથી.

**૪.** ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ રખાયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે યોગ્ય તે ન્યાયી હુકમ કરવા અરજ છે.

**૪.૧** બચાવ પક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ નથી. ફરિયાદી તથા સાહેદ કે જેઓ ઈજા પામનાર છે તેઓની જુબાનીથી પણ બનાવની હકીકતોને કોઈ સમર્થન મળતું નથી, આવા સંજોગોમાં ફરિયાદની હકીકતો પુરવાર થતી ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**૫.** ઉપરોક્ત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ

ઉપસ્થિત થાય છે.

**– મુદ્દાઓ –**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરે છે કે, બનાવ તારીખ, સમય અને સ્થળે આરોપી નં. ૧ થી નં. ૩ નાઓએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારી, આરોપી નં. ૨ એ ફરિયાદીના ગરદનના પાછળ લાકડી મારી તથા આરોપી નં. ૧ તથા ૩ નાએ ફરિયાદીના ડબા કાનના ભાગે લાકડી મારતા કાન ચીરાય ગયેલ હોય બાદ સાહેદ ખાટુભાઈ હામુભાઈ તથા આરોપી નં. ૪ તથા ૫ નાઓએ પકડી રાખતા આરોપી નં. ૨ એ શરીરે ઢીકાપાટુ આડેધડ મુંઢ માર મારી તથા સાહેદ હીરાબેન તથા સાહેદ લલીતાબેનને પણ આરોપીઓએ શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપીઓએ વારાફરતી આવી એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**– ન્યાયિક નિર્ણયો –**

**૬.** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

## <u>નિર્ણય માટેના કારણો</u>

**<u>મુદ્દા નં.૧</u>**

**૭.** ફરિયાદ પક્ષ તરફે **<u>ફરિયાદી – પાંચુભાઇ હામુભાઇ ગોહીલ નાઓને આંક – ૧૨</u>** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, “હાલની ફરિયાદવાળો બનાવ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ બનેલો. બનાવના દિવસે મારે આ કામના આરોપીઓ સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નથી. સામાન્ય બોલાચાલી થતા આજુબાજુવાળા ઘણા માણસોનું ટોળુ ભેગુ થઇ જતા ધકકા મુકીમાં હું તથા ખાંટુભાઇ તેમજ લલીતાબેન અને હીરાબેન નીચે પડી ગયેલા તે વખતે અમોને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી. ઈજા અંગે અમે ઉના ખાતે આવેલ સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. સારવાર દરમિયાન પોલીસવાળા આવતા મે બનાવની ફરિયાદ આપેલી. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે. જેમા મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છુ. જે અસલ ફરિયાદને રજુ દા.આંક–૧૩ આપવામાં આવે છે.”

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ ફરિયાદીને **<u>ફરી ગયેલા સાહેદ</u>** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમની ઉલટતપાસથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ કોઇ ગાળો આપેલ હોય કે ઢીકાપાટુનો માર મારેલ હોય**

**કે મુંઢ ઈજાઓ કરેલ હોય કે લાકડીઓ વડે અમને માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખાણમાં મને સહી કરવાનું કહેતા મે મારી સહી કરી આપેલી. એ વાત ખરી છે કે લખાણમાં શું લખેલ હતુ તેની મને ખબર નથી અને મને તે લખાણ વાંચી સંભળાવેલ નહી. એ વાત ખરી છે કે ધકકા મુકીમાં કોઈકનો ધકકો વાગી જતા હું તથા ખાંટુભાઈ તેમજ લલીતાબેન અને હીરાબેન નીચે પડી ગયેલ અને અમને સામાન્ય ઈજા થયેલી જેની અમે સારવાર લીધેલી. એ વાત ખરી છે કે મે આરોપીઓના હાથમાં લાકડીઓ જોયેલ નથી. એ વાત ખરી છે કે ડોકટરને મે કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે અગાઉ કોઈ બનાવ બનેલ નથી."**

૮. ફરિયાદ પક્ષ તરફે **સાહેદ – ખાંટુભાઈ હામુભાઈ ગોહીલ નાઓને આંક – ૧૪** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "હાલની ફરિયાદવાળો બનાવ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ બનેલો. બનાવના દિવસે અમારે આ કામના આરોપીઓ સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. સામાન્ય બોલાચાલી થતા આજુબાજુવાળા ઘણા માણસોનું ટોળુ ભેગુ થઈ જતા ધકકા મુકીમાં હું તથા પાંચુભાઈ તેમજ લલીતાબેન અને હીરાબેન નીચે પડી ગયેલા તે વખતે અમોને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી. ઈજા અંગે અમે ઉના ખાતે આવેલ સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. સારવાર દરમિયાન પોલીસવાળા આવતા પાંચુભાઈએ બનાવની ફરિયાદ આપેલી. પોલીસે મારુ નિવેદન લીધેલુ."

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ સાહેદને **ફરી ગયેલા સાહેદ** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમની ઉલટતપાસથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ કોઇ ગાળો આપેલ હોય કે ઢીકાપાટુનો માર મારેલ હોય કે મુંઢ ઈજાઓ કરેલ હોય કે લાકડીઓ વડે અમને માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ, ઠામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશું પુછેલ નથી. એ વાત ખરી છે કે ધકકા મુકીમાં કોઇકનો ધકકો વાગી જતા હું તથા પાંચુભાઈ તેમજ લલીતાબેન અને હીરાબેન નીચે પડી ગયેલ અને અમને સામાન્ય ઈજા થયેલી જેની અમે સારવાર લીધેલી. એ વાત ખરી છે કે મે આરોપીઓના હાથમાં લાકડીઓ જોયેલ નથી. એ વાત ખરી છે કે ડોકટરને મે કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે અગાઉ કોઇ બનાવ બનેલ નથી."**

૯. ફરિયાદ પક્ષ તરફે **સાહેદ – લલીતાબેન પાંચુભાઇ ગોહીલનાઓને આંક – ૧૫** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "હાલની ફરિયાદવાળો બનાવ તા. ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ બનેલો. બનાવના દિવસે અમારે આ કામના આરોપીઓ સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નથી. સામાન્ય બોલાચાલી થતા આજુબાજુવાળા ઘણા માણસોનું ટોળુ ભેગુ થઇ જતા ધકકા મુકીમાં હું તથા મારા પતિ પાંચુભાઇ તેમજ ખાંટુભાઇ અને

હીરાબેન નીચે પડી ગયેલા તે વખતે અમોને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી. ઈજા અંગે અમે ઉના ખાતે આવેલ સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. સારવાર દરમિયાન પોલીસવાળા આવતા મારા પતિ પાંચુભાઈએ બનાવની ફરિયાદ આપેલી. પોલીસે મારુ નિવેદન લીધેલુ."

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ સાહેદને **ફરી ગયેલા સાહેદ** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમની ઉલટતપાસથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ કોઈ ગાળો આપેલ હોય કે ઢીકાપાટુનો માર મારેલ હોય કે મુંઢ ઈજાઓ કરેલ હોય કે લાકડીઓ વડે અમને માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ, ઠામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશું પુછેલ નથી. એ વાત ખરી છે કે ધકકા મુકીમાં કોઈકનો ધકકો વાગી જતા હું તથા મારા પતિ પાંચુભાઈ તેમજ ખાંટુભાઈ અને હીરાબેન નીચે પડી ગયેલ અને અમને સામાન્ય ઈજા થયેલી જેની અમે સારવાર લીધેલી. એ વાત ખરી છે કે મે આરોપીઓના હાથમાં લાકડીઓ જોયેલ નથી. એ વાત ખરી છે કે ડોકટરને મે કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે અગાઉ કોઈ બનાવ બનેલ નથી."**

૧૦. ફરિયાદ પક્ષ તરફે **સાહેદ – હીરાબેન જીણાભાઈ ગોહીલ નાઓને આંક – ૧૬** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "હાલની ફરિયાદવાળો બનાવ તા.

૦૩/૦૧/૨૦૨૬ ના રોજ બનેલો. બનાવના દિવસે અમારે આ કામના આરોપીઓ સાથે અગાઉ બનેલ બનાવ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નથી. સામાન્ય બોલાચાલી થતા આજુબાજુવાળા ઘણા માણસોનું ટોળુ ભેગુ થઇ જતા ધકકા મુકીમાં હું તથા પાંચુભાઇ તથા ખાંટુભાઇ તેમજ લલીતાબેન નીચે પડી ગયેલા તે વખતે અમોને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી. ઈજા અંગે અમે ઉના ખાતે આવેલ સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. સારવાર દરમિયાન પોલીસવાળા આવતા પાંચુભાઈએ બનાવની ફરિયાદ આપેલી. પોલીસે મારુ નિવેદન લીધેલુ."

વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ સાહેદને **ફરી ગયેલા સાહેદ** જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમની ઉલટતપાસથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, **"એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઇ બનેલ નથી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ કોઈ ગાળો આપેલ હોય કે ઢીકાપાટુંનો માર મારેલ હોય કે મુંઢ ઈજાઓ કરેલ હોય કે લાકડીઓ વડે અમને માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ, ઠામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશું પુછેલ નથી. એ વાત ખરી છે કે ધકકા મુકીમાં કોઇકનો ધકકો વાગી જતા હું તથા પાંચુભાઈ તથા ખાંટુભાઇ તેમજ લલીતાબેન નીચે પડી ગયેલ અને અમને સામાન્ય ઈજા થયેલી જેની અમે સારવાર લીધેલી. એ વાત ખરી છે કે મે આરોપીઓના હાથમાં લાકડીઓ જોયેલ નથી. એ વાત ખરી છે કે ડોકટરને મે કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે રાજીખુશીથી ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે અગાઉ કોઈ બનાવ બનેલ નથી."**

## - ઃ પુરાવાનું મુલ્યાંકન ઃ-

**૧૧.** આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો આ કામે બનાવનો ભોગ બનનાર ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદની જુબાની વંચાણે લેતા તેઓએ પોતાની જુબાનીમાં પોતાની પોલીસ રૂબરૂની ફરિયાદ મુજબ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તેઓને ગાળો આપેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેવ હોય કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય કે મુંઢ ઈજા કરેલ હોય તેવી કોઈ જ હકીકત અદાલત રૂબરૂની જુબાનીથી સ્પષ્ટ થતી નથી પરંતુ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે. આમ, જ્યારે ફરિયાદી તથા ઈજા પામનારા જેઓ બનાવનો ભોગ બનનાર હોય તેઓ ખુદ જ પોતાની ફરિયાદને સમર્થન કરતાં ન હોય ત્યારે સદર સાહેદોનો પુરાવોએ આરોપીને તકસીરવાન ઠરાવવામાં મદદરૂપ બનતો નથી. આમ, સદર ફરિયાદી કે સાહેદોની જુબાનીથી ફરિયાદ કે બનાવની હકીકતોને સંપુર્ણપણે સમર્થન મળતુ નથી. જેથી આ ફરિયાદીનો પુરાવો એ આ કામના આરોપીઓને બનાવ સાથે સાંકળવામાં મદદરૂપ બનતો નથી. વધુમાં ફરિયાદી તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો આપવા માંગતા નહિ હોવાનું જાહેર કરેલ હોઈ આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

**૧૨.** વધુમાં આ કામે આંક – ૧૭ બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક – ૧૮ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે તેમજ આંક – ૧૯ થી ૨૩ સુધીના ફરિયાદી તથા ઈજા પામનારાના મેડીકલ કાગળો રજુ થયેલ છે પરંતુ જ્યારે ખુદ ઈજા પામનાર ફરિયાદી તથા સાહેદોએ તેઓને થયેલ ઈજાઓ આરોપીઓના માર મારવાના લીધે થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ હોય ત્યારે સદર મેડીકલ કાગળો મર્યાદિત હકીકત જ પુરવાર કરે છે. વધુમાં જ્યારે ફરિયાદી તથા ઈજા

પામનાર સાહેદ જે ભોગ બનનાર છે તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ ન હોય તે સંજોગોમાં ફરિયાદની હકીકતો પુરવાર થતી નથી કે ફરિયાદને અન્ય કોઈ દાર્શનીક પુરાવાથી સમર્થન મળતું નથી. આમ સમગ્ર હકીકતે બનાવની હકીકતોને એકબીજા સાથે સાંકળી લેતો પણ કોઈ માનવાલાયક પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. જેથી ઉપરોક્ત હકીકત જોઈએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીને તકસીરવાન ઠરાવાય નહિ.

**૧૩.** વધુમાં સદર કામે ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ કામે નામદાર સુપિમ કોર્ટનો રજુ ચુકાદો જોઈએ તો, **“<u>સતીષ મેહરા વી. દિલ્હી એડ્મીનીસ્ટ્રેસન અને બીજાઓ .. ૧૯૯૬ (૯) એસ. સી. સી. ૭૬૬</u>** – કેસ માં નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેંચ દ્વારા ઠરાવેલ છે કે – જયારે જજને ચોક્કસ પણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ. ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પૂરી કરવા માટે વેડફવો નહિ.” આથી, સદર કામે વધુ સાહેદો તપાસેલા નથી અને નામદાર કોર્ટનો સમય માત્ર પ્રીસોઝર પૂરી કરવા માટે સમય વેડફાય નહિ તે હેતુથી અન્ય સાહેદોને ડ્રોપ કરવામાં આવેલ છે.

**૧૪.** આમ, ઉપરોક્ત રેકર્ડ પરનો પુરાવો જોતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ખરેખર આ કામના આરોપીઓએ બનાવના દિવસે ફરિયાદીને તથા સાહેદોને ગાળો આપેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે કોઈ હથિયાર વડે માર મારેલ હોય કે મુંઢ માર મારેલ હોય કે એકબીજાને મદદગારી કરેલ હોવાની હકીકત ફરિયાદીની જુબાનીથી સ્પષ્ટ થતી ન હોય જેથી ફરિયાદ પક્ષે આરોપી સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચા, રજુ કરેલ મૌખિક તેમજ

દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ ઉપરોક્ત **મુદ્દા નં. ૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદ્દા નં. ૨** અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

## – ઃ આ ખ રી હુ ક મ ઃ–

**૧.** આ કામના આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નિયમ મુજબ નિકાલ કરવો.

**૩.** આરોપીઓએ આ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૧ ની જોગવાઈ અનુસાર છ માસની અવધિ સુધી અપીલ સમય પુરો થતા સુધી ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા. ૧૭મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

ઉના. (નીરજ કુમાર યાદવ)
તા. ૧૭ / ૦૭ /૨૦૨૬ સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી,
ઉના.
**K.D. Vainsh** (**Guj. Steno**) કોડ નં. જી.જે.૦૧૪૦૯